# POLITICAL SCIENCE

**PAPER-III**
**OCT-14/11**

Name & Signature of the Invigilator

..............................................

..............................................

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

Roll Number in words : ..........................................

..........................................................................

**Time : 2.30 Hours]** **No. of Printed Pages : 40** **[Maximum Marks : 150**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **Seventy five (75)** multiple choice type questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper III only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

SEAL

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પંચોતેર (૭૫)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુકત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૩ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

## POLITICAL SCIENCE

## PAPER - III

## રાજનીતિ વિજ્ઞાન

## પેપર–III

*Note* : This paper contains **Seventy Five (75)** multiple-choice/assertion and reasoning matching questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પંચોતેર (૭૫)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. As an intellectual enterprise with a long history, political theory has *not* been :

   (A) Reflective

   (B) Critical

   (C) Cumulative

   (D) Normative

2. Which philosophical current was implicated in the decline of Political Theory ?

   (A) Hermeneutics

   (B) Positivism

   (C) Post-structuralism

   (D) Phenomenology

1. એક લાંબા ઇતિહાસ સાથેની બૌધિક પ્રવૃત્તિ તરીકે રાજકીય સિદ્ધાંતમાં નીચે પૈકીનો શેનો અભાવ રહ્યો છે ?

   (A) પ્રતિબિંબન

   (B) સમીક્ષાત્મકતા

   (C) એકત્રીતતા

   (D) મૂલ્યનિષ્ઠતા

2. રાજકીય સિદ્ધાંતના પતનમાં કયો તાત્વિક પ્રવાહ સંકળાયેલો હતો ?

   (A) શાસ્ત્રાર્થ મીમાંસા

   (B) પ્રમાણવાદ

   (C) અનુસંરચના વિધાન

   (D) દૃશ્યઘટના વિજ્ઞાન

3. Which one of these is widely regarded as a foundational text of liberalism ?

(A) Two Treatises on Government

(B) Capital

(C) Social Contract

(D) Discourses

4. Marx and Engels saw the executive of the modern state as :

(A) A puppet manipulated by the industrial capitalists

(B) A guarantor of social welfare

(C) A committee for managing the common affairs of the whole bourgeoisie

(D) A crumbling relic of feudalism

5. Which of these thinkers did *not* advocate the end of ideology thesis ?

(A) Edward Shils

(B) Raymond Aron

(C) Daniel Bell

(D) Harold Laski

3. નીચે પૈકી કયા પુસ્તકને વ્યાપક રીતે ઉદારમતવાદના પાયાના પુસ્તક તરીકે ગણવામાં આવે છે ?

(A) ટુ ટ્રીટાઈઝ ઓન ગવર્મેન્ટ

(B) કેપીટલ

(C) સોસિયલ કાન્ટ્રેક્ટ

(D) ડીસકોર્સીસ

4. માર્કસ અને એન્જલ્સે આધુનિક રાજયની કારોબારીને કઈ રીતે વર્ણવી ?

(A) ઔદ્યોગિક મૂડીવાદીઓ દ્વારા નચાવવામાં આવતી કઠપૂતલી

(B) સમાજ કલ્યાણ માટેનો રક્ષક

(C) સમગ્ર બુર્ઝવા વર્ગની સામાન્ય બાબતોના વ્યવસ્થાપન માટેની સમિતિ

(D) સામંતવાદનો પડી રહેલો અવશેષ

5. નીચે પૈકી કયા ચિંતકે ''વિચારધારાનો અંત આવ્યો છે'' એ વાતનું અનુમોદન નથી કર્યું ?

(A) એડવર્ડ શીલ્સ

(B) રેમન્ડ એરોન

(C) ડેનિયલ બેલ

(D) હેરોલ્ડ લાસ્કી

6. The ideological current that has crucially challenged anthropocentrism is :

(A) Liberal feminism

(B) Deep ecology

(C) Market socialism

(D) Neo-conservatism

7. Which concept did Gandhi formulate to convey his vision of social welfare ?

(A) Satyagraha

(B) Swadeshi

(C) Sarvodaya

(D) Swaraj

8. According to Lenin, the highest stage of capitalism was :

(A) Managerialism

(B) Bureaucratic collectivism

(C) Imperialism

(D) Post-Fordism

6. કયા વિચારધારાકીય પ્રવાહે માનવકેન્દ્રીતાને ગંભીર રીતે પડકારી ?

(A) ઉદાર નારીવાદ

(B) ઊંડો પર્યાવરણવાદ

(C) બજાર સમાજવાદ

(D) નવરૂઢિચુસ્તતાવાદ

7. સમાજ કલ્યાણની એમની દૃષ્ટિના વર્ણન માટે ગાંધીએ કઈ સંકલ્પના વિકસાવી ?

(A) સત્યાગ્રહ

(B) સ્વદેશી

(C) સર્વોદય

(D) સ્વરાજ

8. લેનીનના મતે મૂડીવાદની સર્વોચ્ચ સ્થિતિ કઈ છે ?

(A) વ્યવસ્થાપનવાદ

(B) અધિકારીઓનો સામૂહિકતાવાદ

(C) સામ્રાજ્યવાદ

(D) અનુ-ફોર્ડવાદ

9. According to Plato, gender relations among the Guardian class should be based on :

(A) Equality of men and women

(B) Male supremacy

(C) Female supremacy

(D) Strict segregation

10. Aristotle's notion of citizenship accords a central place to :

(A) Empowerment of women

(B) Abolition of slavery

(C) Civic friendship

(D) Universal suffrage

11. In his writings pertaining to war, Machiavelli condemned the use of :

(A) Citizen soldiers

(B) Mercenaries

(C) Strategic flexibility

(D) Infantry

9. પ્લેટોના મતે 'ગાર્ડિયન' વર્ગના સભ્યો વચ્ચેના જાતીય સંબંધોનો આધાર કયો હોવો જોઈએ ?

(A) પુરુષ અને સ્ત્રી વચ્ચેની સમાનતા

(B) પુરુષોનું આધિપત્ય

(C) સ્ત્રીઓનું આધિપત્ય

(D) ચુસ્ત વિભાજન

10. એરિસ્ટોટલનો નાગરિકતાનો ખ્યાલ કઈ વાતને કેન્દ્રસ્થાને મુકે છે ?

(A) સ્ત્રીઓનું સશક્તીકરણ

(B) ગુલામીની નાબૂદી

(C) નાગરીક મૈત્રી

(D) સાર્વત્રિક મતાધિકાર

11. યુદ્ધને લગતાં તેના લખાણોમાં, મેકિયાવેલીએ શેના ઉપયોગનો વિરોધ કર્યો ?

(A) નાગરીક સૈનિકો

(B) ભાડૂતી સૈનિકો

(C) વ્યૂહાત્મક લવચીકતા

(D) પાયદળ

12. John Locke's theory of natural rights stems from his understanding of :

(A) Life

(B) Liberty

(C) Health

(D) Property

13. John Stuart Mill did *not* oppose :

(A) Denial of suffrage to women

(B) Strict censorship

(C) Quantitative hedonism

(D) British imperialism

14. Marx's early writings are focused on a critique of :

(A) Bakunin

(B) Hegel

(C) Nietzsche

(D) Dühring

12. ''પ્રાકૃતિક અધિકારો'' નો જહોન લોકનો સિદ્ધાંત તેની શેના વિષેની સમજમાંથી ઉદ્ભવે છે ?

(A) જીવન

(B) સ્વાતંત્ર્ય

(C) તંદુરસ્તી

(D) સંપત્તિ

13. જહોન સ્ટુઆર્ટ મિલે શેનો વિરોધ ન કર્યો ?

(A) સ્ત્રીઓને મતાધિકાર ન મળવો

(B) ચુસ્ત સેન્સરશીપ

(C) માત્રામૂલક સુખવાદ

(D) બ્રિટીશ સામ્રાજયવાદ

14. માર્ક્સ શરૂઆતનાં લખાણો કયા વિચારકોની ટીકા કરે છે ?

(A) બાકુનીન

(B) હેગેલ

(C) નીત્સે

(D) ડુહરીંગ

15. To which ideology did M. N. Roy subscribe to before he espoused Radical Humanism ?

(A) Gandhism

(B) Communism

(C) Liberalism

(D) Socialism

16. Interest aggregation results in :

(A) Many policy alternatives

(B) Few policy alternatives

(C) Many political parties

(D) Depoliticisation

17. Which of the following statements regarding the status of ministers (secretaries) of the US President is *wrong* ?

(A) Ministers are appointed by President

(B) Ministers are not responsible to Congress

(C) Congress can't remove them with vote of no confidence

(D) Ministers can't be removed from their jobs by President without consulting Senate

15. ''આમૂલ માનવવાદ'' નું પ્રતિપાદન કરતાં પહેલાં એમ.એન. રોય કઈ વિચારધારાને અનુસરતા હતા ?

(A) ગાંધીવાદ

(B) સામ્યવાદ

(C) ઉદારમતવાદ

(D) સમાજવાદ

16. હિતના એકત્રીકરણથી શું ઉદભવે છે ?

(A) નીતિવિષયક વિપુલ વિકલ્પો

(B) નીતિવિષયક જૂજ વિકલ્પો

(C) ઘણા બધા રાજકીય પક્ષો

(D) બિનરાજકીયકરણ

17. અમેરિકી રાષ્ટ્રપતિના પ્રધાનો (સચિવો) ના દરજ્જા વિશે નીચે પૈકીનું કયું વિધાન ખોટું છે ?

(A) પ્રધાનોની નિમણૂંક પ્રમુખ કરે છે

(B) પ્રધાનો ધારાસભાને જવાબદાર નથી

(C) અવિશ્વાસના પ્રસ્તાવ દ્વારા ધારાસભા તેમને હોદ્દા પરથી દૂર નથી કરી શકતી

(D) સેનેટની સાથે પરામર્શ કર્યા વિના રાષ્ટ્રપતિ તેમને હોદ્દા પરથી ખસેડી નથી શકતા

18. Which of the following is the most important agent of political socialization ?

(A) Judiciary

(B) Elite Clubs

(C) Personal experiences

(D) Educational Institutions

18. નીચે પૈકી રાજકીય સામાજીકરણનો સૌથી મહત્વનો એજન્ટ કોણ છે ?

(A) ન્યાયતંત્ર

(B) ઉચ્ચવર્ગની કલબ

(C) અંગત અનુભવો

(D) શિક્ષણ સંસ્થાઓ

19. Which of the following is *not* required for independence of judges ?

(A) Election of judges by people

(B) Giving security of tenure to judges

(C) Giving good salaries and other service conditions

(D) Making removal of judges difficult

19. ન્યાયાધીશોની સ્વતંત્રતા માટે નીચે પૈકી શેની આવશ્યકતા નથી ?

(A) લોકો દ્વારા ન્યાયાધીશોની ચૂંટણી

(B) ન્યાયાધીશોને તેમના હોદ્દાની મુદ્દત માટે સલામતી આપવી

(C) ન્યાયાધીશોને સારો પગાર અને અન્ય નોકરી ભથ્થાં આપવાં

(D) ન્યાયાધીશોને દૂર કરવાની પ્રક્રિયા વધુ મુશ્કેલ બનાવવી

20. In which of the following federations have states seceded from the Union in the 20th century ?

(A) USA

(B) Former USSR

(C) India

(D) Canada

20. ૨૦મી સદીમાં નીચે પૈકીના કયા સમવાયતંત્રમાં રાજ્યો સંઘથી છૂટા પડયાં છે ?

(A) યુ.એસ.એ.

(B) ભૂતપૂર્વ યુ.એસ.એસ.આર.

(C) ભારત

(D) કેનેડા

21. Article 3 of the Indian Constitution gives certain powers to the Central Government. In that context, which of the following is *not true* ?

(A) It can change the name of the states

(B) It can unite two states

(C) It can admit new states to the Indian Union

(D) It can divide existing states or add new territories to the existing states

21. ભારતીય સંવિધાનની ત્રીજી કલમ કેન્દ્ર સરકારને કેટલીક સત્તાઓ આપે છે. નીચે પૈકીનું એ સંદર્ભમાં શું સાચું નથી ?

(A) તે રાજ્યોનું નામ બદલી શકે છે

(B) તે બે રાજ્યોને એક કરી શકે છે

(C) તે નવાં રાજ્યોને ભારતીય સંઘમાં પ્રવેશ આપી શકે છે

(D) તે પ્રવર્તમાન રાજ્યોને વિઘટિત કરી શકે છે અથવા તો તેમને વધારાનો પ્રદેશ આપી શકે છે

22. Which of the following is *not true* about 'dependency theory' ?

(A) It is a Marxist theory

(B) It is a Leninist theory

(C) It talks about fourfold classification of classes

(D) It talks about agency and mode of revolutionary change

22. 'પરાવલંબી સિદ્ધાંત' વિષે નીચે પૈકીનું શું સાચું નથી ?

(A) તે માર્કસવાદી સિદ્ધાંત છે

(B) તે લેનીનવાદી સિદ્ધાંત છે

(C) તે વર્ગોના ચતુર્વર્ગીકરણ અંગે વાત કરે છે

(D) તે ક્રાંતિકારી પરિવર્તનના એજન્ટ અને પદ્ધતિ વિષે વાત કરે છે

23. In the opinion of Pareto, only one type of government existed. Which among the following types of government was he referring to ?

(A) Monarchy

(B) Aristocracy

(C) Oligarchy

(D) Democracy

23. પેરીટોના મતે માત્ર એક જ પ્રકારની સરકાર અસ્તિત્વમાં હોય છે. નીચે પૈકીમાંથી કઈ સરકારની તે વાત કરતા હતા ?

(A) રાજાશાહી

(B) સામંતશાહી

(C) થોડા લોકો દ્વારા ચાલતી સરકાર

(D) લોકશાહી

24. Which of the following statements about 'Authority' is *incorrect* ?

(A) Authority includes power

(B) When power enjoys legitimacy, 'authority' results

(C) Authority includes justice

(D) Totalitarian systems enjoy authority

24. ''આધિકારીક સત્તા'' વિષે નીચે પૈકીનું કયું વિધાન સાચું નથી ?

(A) ''આધિકારીક સત્તા'' માં સત્તાનો સમાવેશ થઈ જાય છે

(B) ''આધિકારીક સત્તા'' જયારે સત્તામાં ઔચિત્ય ભળે ત્યારે ઉદ્ભવે છે

(C) ''આધિકારીક સત્તા'' માં ન્યાયનો સમાવેશ થાય છે

(D) સર્વસત્તાશીલ પ્રણાલીઓ ''આધિકારીક સત્તા'' ભોગવે છે

25. When is 'political legitimacy' *not* threatened ?

(A) When borders of the state are not accepted

(B) When current system of recruiting political leaders is not accepted

(C) When governments do not make plans wanted by people or are insincere in their implementation

(D) When people occasionally violate laws

25. રાજકીય ઔચિત્ય પર ક્યારે પડકાર નથી આવતો ?

(A) જ્યારે રાજ્યની સીમાઓને સ્વીકારવામાં નથી આવતી

(B) જ્યારે રાજકીય નેતાઓની ભરતી કરવાની પ્રવર્તમાન પદ્ધતિને સ્વીકારવામાં નથી આવતી

(C) જ્યારે સરકારો લોકો ઈચ્છે એવી યોજનાઓ નથી બનાવતી અથવા તો તેના અમલીકરણમાં નિષ્ઠા નથી દર્શાવતી

(D) જ્યારે લોકો પ્રસંગોપાત કાયદાનું ઉલ્લંઘન કરે છે

26. The expression 'Third World' was used during.......... .

(A) First World War

(B) Second World War

(C) Cold War

(D) Post-cold war period

26. ''ત્રીજા વિશ્વ'' શબ્દની અભિવ્યક્તિ કયા ગાળામાં કરવામાં આવી ?

(A) પ્રથમ વિશ્વયુદ્ધ વખતે

(B) બીજા વિશ્વયુદ્ધ વખતે

(C) શીત યુદ્ધ વખતે

(D) અનુશીત યુદ્ધ યુગમાં

27. In spite of coalition governments, the economic reforms have made progress in India. Which of the following factors is *not* a reason for the same ?

(A) Reforms are the need of the hour

(B) Reforms are supported by local and international capitalists

(C) Reforms form a major part of the programme of regional and other parties

(D) Major partners in UPA and NDA coalitions agree on reforms

28. Which of the following *does not* provide example of two-party system ?

(A) USA

(B) UK

(C) Germany

(D) Australia

27. ભારતમાં જોડાણ સરકારો અસ્તિત્વમાં હોવા છતાં પણ આર્થિક સુધારાઓમાં પ્રગતી થઈ છે. નીચે પૈકીનું કયું પરિબળ આ વાતનું કારણ નથી ?

(A) સુધારાઓ સમયની જરૂરિયાત છે

(B) સુધારાઓને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મૂડીવાદીઓનો ટેકો છે

(C) સુધારાઓ એ પ્રાદેશિક અને અન્ય પક્ષોના કાર્યક્રમોનું એક મહત્વનું અંગ છે

(D) એન.ડી.એ. અને યુ.પી.એ. ગઠબંધનના મુખ્ય પક્ષો સુધારાઓ વિષે એકમતી ધરાવે છે

28. નીચે પૈકીનો કયો દેશ દ્વીપક્ષી વ્યવસ્થાનું ઉદાહરણ નથી ?

(A) યુ.એસ.એ.

(B) યુ.કે.

(C) જર્મની

(D) ઓસ્ટ્રેલિયા

29. New Public Management (NPM) has modernised bureaucracy. How is accountability ensured under NPM ?

(A) Performing agency's goals

(B) Following rules in detail

(C) By not stealing public money

(D) By not obeying orders given by superiors

29. 'ન્યુ પબ્લીક મેનેજમેન્ટ' (એન.પી.એમ.) દ્વારા નોકરશાહીનું આધુનિકીકરણ થયું છે. એન.પી.એમ. હેઠળ ઉત્તરદાયિત્વ કઈ રીતે અમલમાં લાવવામાં આવે છે ?

(A) એજન્સીના ધ્યેયોનો અમલ કરીને

(B) વિગતવાર રીતે નિયમોને અનુસરીને

(C) જાહેર નાણાની ચોરી ન કરીને

(D) ઉપરીઓ દ્વારા અપાયેલા હુકમોનું પાલન ન કરીને

30. Which committee submitted the report which led to the 42nd Constitutional Amendment Act regarded as a 'mini revision' of the Constitution of India ?

(A) Zail Singh Committee

(B) Buta Singh Committee

(C) Swaran Singh Committee

(D) Hukam Singh Committee

30. ભારતીય બંધારણની ''લઘુ સમીક્ષા'' જેને ગણવામાં આવે છે તેવો ૪૨ મો બંધારણીય સુધારો કઈ સમિતિના અહેવાલ પર આધારિત હતો ?

(A) ઝૈલસિંઘ સમિતિ

(B) બુટાસિંઘ સમિતિ

(C) સ્વરણસિંઘ સમિતિ

(D) હુકમસિંઘ સમિતિ

31. Which Constitutional Amendment Act resulted in providing the Right to Education to children between the age of 6 and 14 years ?

(A) 91st Constitutional Amendment Act

(B) 93rd Constitutional Amendment Act

(C) 86th Constitutional Amendment Act

(D) 88th Constitutional Amendment Act

32. Analyzing the provisions of Directive Principles, who said that ghosts of Sidney and Beatrice Webb stalk through the pages of the entire text and this part of the Constitution expresses 'Fabian Socialism without the word Socialism' :

(A) Morris Jones

(B) Lloyd and Susanne Rudolph

(C) Ivon Jennings

(D) Selig Harrison

31. ૬ અને ૧૪ વર્ષ વચ્ચેની વયનાં બાળકોને શિક્ષણનો અધિકાર કયા બંધારણીય સુધારા દ્વારા આપવામાં આવ્યો ?

(A) ૯૧મો બંધારણીય સુધારો

(B) ૯૩મો બંધારણીય સુધારો

(C) ૮૬મો બંધારણીય સુધારો

(D) ૮૮મો બંધારણીય સુધારો

32. માર્ગદર્શક સિદ્ધાંતોની જોગવાઈઓને તપાસ્યા બાદ કોણે એવું કહ્યું કે ''સિડની અને બિટ્રેસ વેબનો ઓછાપો આ આખા પ્રકરણમાં પડેલો છે અને બંધારણનો આ ભાગ સમાજવાદ શબ્દના ઉપયોગ વિના 'ફેબીયન સમાજવાદ' ને અભિવ્યક્ત કરે છે'' :

(A) મોરિસ જોન્સ

(B) લોયડ અને સુસાન રુડોલ્ફ

(C) આઈવર જેનીંગ્સ

(D) સેલીગ હેરિસન

33. The emoluments and allowances of the President of India are charged to :

(A) The Consolidated Fund of India

(B) The Contingency Fund of India

(C) The Public Accounts Fund

(D) The Union Treasury

34. Identify the *correct* order in which the following individuals held the office of the Speaker of Lok Sabha :

(*i*) N. Sanjeeva Reddy

(*ii*) Sardar Hukam Singh

(*iii*) Somnath Chatterjee

(*iv*) P. A. Sangma

*Codes* :

(A) (*iii*) (*ii*) (*iv*) (*i*)

(B) (*i*) (*iv*) (*iii*) (*ii*)

(C) (*iv*) (*ii*) (*i*) (*iii*)

(D) (*ii*) (*i*) (*iv*) (*iii*)

33. ભારતના રાષ્ટ્રપતિના પગારભથ્થાંનો ખર્ચ કયાં પાડવામાં આવે છે ?

(A) ભારતના એકત્રિત ભંડોળમાં

(B) ભારતના આકસ્મિક ભંડોળમાં

(C) જાહેર હિસાબ ભંડોળમાં

(D) સંઘ સરકારની તિજોરીમાં

34. નીચે દર્શાવેલી વ્યક્તિઓએ લોક સભાના સ્પીકરનો હોદ્દો સંભાળ્યો તેનો સાચો ક્રમ જણાવો :

(*i*) એન. સંજીવ રેડ્ડી

(*ii*) સરદાર હુકમ સિંઘ

(*iii*) સોમનાથ ચેટરજી

(*iv*) પી.એ. સાંગ્મા

કોડ :

(A) (*iii*) (*ii*) (*iv*) (*i*)

(B) (*i*) (*iv*) (*iii*) (*ii*)

(C) (*iv*) (*ii*) (*i*) (*iii*)

(D) (*ii*) (*i*) (*iv*) (*iii*)

35. Who said, "India is a unitary state with subsidiary federal principles rather than a federal state with subsidiary unitary principles" ?

(A) Norman D. Palmer

(B) K. C. Wheare

(C) C. H. Alexandrowich

(D) Granville Austin

36. Which group of subjects is *wrongly* listed below as part of the Concurrent List ?

(A) Criminal matters, marriage, succession

(B) Preventive detention, social security, rehabilitation

(C) Industrial dispute, economic and social planning

(D) Marriage and separation, justice, mines and minerals

35. એવું કોણે કહ્યું કે ''ભારત એ ગૌણ સમવાયતંત્રી લક્ષણો ધરાવતું એકતંત્રી રાજ્ય છે નહિં કે ગૌણ એકતંત્રી લક્ષણો ધરાવતું સમવાય તંત્ર'' :

(A) નોર્મન ડી. પામર

(B) કે. સી. વ્હીયર

(C) સી. એચ. એલેકસાન્ડ્રોવિચ

(D) ગ્રેનવીલ ઓસ્ટીન

36. નીચે પૈકી કયા વિષયોનું જૂથ સમવર્તી સૂચિનો ભાગ નથી ?

(A) ફોજદારી બાબતો, લગ્ન, વારસાઈ

(B) આગમચેતી ભરેલી અટકાયત, સામાજિક સુરક્ષા, પુનઃ વસવાટ

(C) ઔદ્યોગિક વિવાદ, આર્થિક અને સામાજિક આયોજન

(D) લગ્ન અને છૂટાછેડા, ન્યાય, ખાણ અને ખનિજ

37. Appeal by special leave means :

(A) Regular appeal to the Supreme Court

(B) Appeal after the High Court certifies to do so

(C) Advisory jurisdiction of the court to give its opinion

(D) Residuary power outside the ordinary law

37. વિશેષ અનુમતિ દ્વારા કરેલી અરજીનો મતલબ છે :

(A) સર્વોચ્ચ અદાલતને નિયમિત રીતે કરેલી અરજી

(B) હાઈકોર્ટે પ્રમાણિત કર્યા બાદ કરેલી અપીલ

(C) પોતાનો અભિપ્રાય આપવાનું અદાલતોનું સલાહકીય કાર્યક્ષેત્ર

(D) સામાન્ય કાયદાની બહારની શેષ સત્તા

38. Which theoretical framework was applied by Rajni Kothari in understanding Indian Politics ?

(A) Political Economy

(B) Rational Choice

(C) Systems

(D) Structural-Functional

38. ભારતીય રાજકારણને સમજવા માટે રજની કોઠારીએ કયા માળખાને અપનાવી વિશ્લેષણ કર્યું ?

(A) રાજકીય અર્થતંત્ર

(B) વિવેકી વિકલ્પ

(C) પ્રણાલી

(D) તંત્ર કાર્યાનુસારી

39. Match List I with List II and select the *correct* answer from the codes given below it :

| List I (Name of State) | | List II (Formation Year) | |
|---|---|---|---|
| (*i*) | Kerala | (1) | 1987 |
| (*ii*) | Uttarakhand | (2) | 1956 |
| (*iii*) | Sikkim | (3) | 1975 |
| (*iv*) | Goa | (4) | 2000 |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (4) | (3) | (1) |
| (B) | (2) | (3) | (1) | (4) |
| (C) | (1) | (2) | (3) | (4) |
| (D) | (3) | (2) | (1) | (4) |

39. નીચે દર્શાવેલા કોડનો ઉપયોગ કરી સૂચિ I અને સૂચિ II ને મેળવો અને સાચો વિકલ્પ પસંદ કરો :

| સૂચિ I (રાજયનું નામ) | | સૂચિ II (તેની સ્થાપનાનું વર્ષ) | |
|---|---|---|---|
| (*i*) | કેરલ | (1) | 1987 |
| (*ii*) | ઉત્તરાખંડ | (2) | 1956 |
| (*iii*) | સિક્કીમ | (3) | 1975 |
| (*iv*) | ગોવા | (4) | 2000 |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (4) | (3) | (1) |
| (B) | (2) | (3) | (1) | (4) |
| (C) | (1) | (2) | (3) | (4) |
| (D) | (3) | (2) | (1) | (4) |

40. Political commentators who have contributed to the growth of professional psephology in India are :

(A) Rajeev Bhargava, Aniruddh Krishna, Pradeep Chhibber

(B) Pranoy Roy, Yogendra Yadav, Mahesh Rangarajan

(C) Ashutosh Varshney, Pradeep Chhibber, Rajdeep Sardesai

(D) Yogendra Yadav, Partha Chatterjee, Vinod Dua

41. Who were the other two Election Commissioners when the Supreme Court adjudged that Chief Election Commissioner and the other two Election Commissioners have the same powers ?

(A) J. M. Lyngdoh and M. S. Gill

(B) M.S. Gill and G.V.G. Krishnamurthy

(C) G. V. G. Krishnamurthy and J. M. Lyngdoh

(D) M. S. Gill and V. M. Tarkunde

40. જે રાજકીય સમીક્ષકોએ ચૂંટણી પરિણામોની આગાહી કરનાર શાસ્ત્ર (સેફોલોજી) ના વ્યાવસાયિક વિકાસમાં યોગદાન આપ્યું છે તેમના નામ છે :

(A) રાજીવ ભાર્ગવ, અનિરુદ્ધ કૃષ્ણ, પ્રદીપ છીબ્બર

(B) પ્રણવ રોય, યોગેન્દ્ર યાદવ, મહેશ રંગરાજન

(C) આશુતોષ વાર્સને, પ્રદીપ છીબ્બર, રાજદીપ સરદેસાઈ

(D) યોગેન્દ્ર યાદવ, પાર્થા ચેટરજી, વિનોદ દુવા

41. સર્વોચ્ચ અદાલતે જ્યારે એવો ચુકાદો આપ્યો કે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય બે ચૂંટણી કમિશ્નરોના સમાન અધિકારો છે ત્યારે અન્ય બે ચૂંટણી કમિશ્નર કોણ હતા ?

(A) જે.એમ. લિંગ્ડોહ અને એમ.એસ. ગિલ

(B) એમ.એસ. ગિલ અને જી.વી.જી. કૃષ્ણમૂર્તિ

(C) જી.વી.જી. કૃષ્ણમૂર્તિ અને જે.એમ. લિંગ્ડોહ

(D) એમ.એસ. ગિલ અને વી.એમ. તારકુંડે

42. Match List I with List II and select the *correct* answer from the codes given below it :

| List I (Name of Organizations) | List II (Name of Leaders) |
|---|---|
| (*i*) Narmada Bachao Andolan | (1) Aruna Roy |
| (*ii*) Ekta Parishad | (2) Medha Patkar |
| (*iii*) Majdoor Kisan Shakti Sangathan | (3) P. V. Rajgopal |
| (*iv*) Tarun Bharat Sangh | (4) Rajendra Singh |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (4) | (3) | (1) |
| (B) | (2) | (3) | (1) | (4) |
| (C) | (2) | (3) | (4) | (1) |
| (D) | (3) | (2) | (1) | (4) |

42. નીચે દર્શાવેલા કોડનો ઉપયોગ કરી સૂચિ ૧ અને સૂચિ ૨ ને મેળવો અને સાચો વિકલ્પ પસંદ કરો :

| યાદી ૧ (સંગઠનનું નામ) | યાદી ૨ (નેતાનું નામ) |
|---|---|
| (*i*) નર્મદા બચાવો આંદોલન | (1) અરૂણ્ય રોય |
| (*ii*) એકતા પરિષદ | (2) મેધા પાટકર |
| (*iii*) મજદૂર કિસાન શકિત સંગઠન | (3) પી.વી. રાજગોપાલ |
| (*iv*) તરૂણ ભારત સંઘ | (4) રાજેન્દ્ર સિંઘ |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (4) | (3) | (1) |
| (B) | (2) | (3) | (1) | (4) |
| (C) | (2) | (3) | (4) | (1) |
| (D) | (3) | (2) | (1) | (4) |

43. The report of which committee voiced concern about 'criminalization of politics and politicization of criminals' ?

(A) Tarkunde Committee

(B) Sachar Committee

(C) Vohra Committee

(D) Indrajeet Gupta Committee

44. Match List I with List II and select the *correct* answer from the codes given below it :

| **List I** (Name of Act) | **List II** (Year of Enactment) |
|---|---|
| (*i*) TADA | (1) 1983 |
| (*ii*) MISA | (2) 2001 |
| (*iii*) POTA | (3) 1985 |
| (*iv*) NSA | (4) 1971 |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (4) | (2) | (1) |
| (B) | (2) | (3) | (1) | (4) |
| (C) | (2) | (3) | (4) | (1) |
| (D) | (4) | (2) | (3) | (1) |

43. કઈ સમિતિના અહેવાલમાં રાજકારણના ગુનાહિતીકરણ અને ગુનેગારોના રાજકીયકરણ વિષે ચિંતા પ્રગટ કરવામાં આવી ?

(A) તારકુંડે સમિતિ

(B) સાચર સમિતિ

(C) વોહરા સમિતિ

(D) ઈન્દ્રજીત ગુપ્તા સમિતિ

44. નીચે દર્શાવેલા કોડનો ઉપયોગ કરી સૂચિ ૧ અને સૂચિ ૨ ને મેળવો અને સાચો વિકલ્પ પસંદ કરો :

| **યાદી ૧** (કાયદાનું નામ) | **યાદી ૨** (અમલમાં આવવાનું વર્ષ) |
|---|---|
| (*i*) TADA | (1) 1983 |
| (*ii*) MISA | (2) 2001 |
| (*iii*) POTA | (3) 1985 |
| (*iv*) NSA | (4) 1971 |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (4) | (2) | (1) |
| (B) | (2) | (3) | (1) | (4) |
| (C) | (2) | (3) | (4) | (1) |
| (D) | (4) | (2) | (3) | (1) |

45. In which group of states is Panchayat Extension to Schedule Area Act (PESA) *not* applicable ?

(A) Madhya Pradesh, Gujarat, Rajasthan

(B) Chhattisgarh, Himachal Pradesh, Gujarat

(C) Maharashtra, Tamil Nadu, Manipur

(D) Rajasthan, Maharashtra, Madhya Pradesh

46. "Poly-communalism" is a term coined by Fred Riggs to describe :

(A) Integrated society

(B) Plural society

(C) Diffracted society

(D) Parochial society

45. કયાં રાજયોના જૂથમાં ''પંચાયત એક્સટેન્સન ટુ સિડયુલ એરિયા એકટ'' (પેસા) અમલમાં નથી ?

(A) મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન

(B) છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, ગુજરાત

(C) મહારાષ્ટ્ર, તામિલનાડુ, મણિપુર

(D) રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ

46. ''બહુ સમુદાયવાદ'' (Poly-communalism) શબ્દનો પ્રયોગ ફ્રેડ રીગ્સે શું વર્ણવવા માટે કર્યો ?

(A) એકીકૃત સમાજ

(B) બહુકેન્દ્રી સમાજ

(C) વિખેરાઈ ગયેલો સમાજ

(D) સંકીર્ણતાવાદી સમાજ

47. With regard to judicial control over administration, what does 'malfeasance' stand for ?

(A) Error of procedure

(B) Abuse of authority

(C) Error of facts

(D) Error of law

48. Arrange the following stages in the evolution of public administration as a discipline in the chronological order :

(1) Principles Approach

(2) Public Policy Approach

(3) Administrative Behaviour

(4) Politics—Administration Dichotomy

(5) Ecological Approach

(A) (4), (1), (5), (3), (2)

(B) (4), (1), (3), (2), (5)

(C) (4), (1), (3), (5), (2)

(D) (4), (1), (2), (3), (5)

47. વહીવટ પરના ન્યાયિક નિયંત્રણના સંદર્ભમાં "મેલફીસન્સ" શબ્દનો અર્થ શું છે ?

(A) પ્રક્રિયાની ક્ષતિ

(B) સત્તાનો દુરુપયોગ

(C) તથ્યોની ક્ષતિ

(D) કાયદાની ક્ષતિ

48. અભ્યાસ ક્ષેત્ર તરીકે જાહેર વહીવટની ઉત્ક્રાંતિમાં નીચેના તબક્કાઓને કાલક્રમાનુસાર ગોઠવો :

(1) સૈદ્ધાંતિક અભિગમ

(2) જાહેર નીતિ અભિગમ

(3) વહીવટી વર્તણૂક

(4) રાજકારણ—વહીવટ વચ્ચેની ભેદરેખા

(5) પર્યાવરણવાદી અભિગમ

(A) (4), (1), (5), (3), (2)

(B) (4), (1), (3), (2), (5)

(C) (4), (1), (3), (5), (2)

(D) (4), (1), (2), (3), (5)

49. The book "Essential Frankfurt School Reader" deals with :

(A) New Public Administration

(B) Public Choice School

(C) Public Policy Approach

(D) Critical Perspective

50. The reinvention of the government paradigm *does not* include which of the following ? Select the *correct* answer using the codes given below it :

(1) Risk taking ability

(2) Ecological sensitivity

(3) Customer orientation

(4) Delegation of authority

(5) Concern for the disadvantaged

*Codes* :

(A) (1), (2) and (3)

(B) (3), (4) and (5)

(C) (1), (4) and (5)

(D) (2), (4) and (5)

49. ''ઈસેન્સિયલ ફ્રેંકફર્ટ સ્કૂલ રીડર'' એ પુસ્તક કયા વિષય સાથે સંકળાયેલું છે ?

(A) નવો જાહેર વહીવટ

(B) જાહેર પસંદગી અભિગમ

(C) જાહેર નીતિ અભિગમ

(D) સમીક્ષાત્મક અભિગમ

50. સરકારના પુનર્ઘડતરની વિભાવનામાં નીચેમાંથી કોનો સમાવેશ નથી થતો ? નીચે દર્શાવેલ કોડનો ઉપયોગ કરી સાચો જવાબ પસંદ કરો :

(1) જોખમ લેવાની ક્ષમતા

(2) પર્યાવરણીય સંવેદનશીલતા

(3) ગ્રાહકલક્ષી વલણ

(4) સત્તાની સોંપણી

(5) પછાત વર્ગ માટેની ચિંતા

કોડ :

(A) (1), (2) અને (3)

(B) (3), (4) અને (5)

(C) (1), (4) અને (5)

(D) (2), (4) અને (5)

51. New Public Administration movement is essentially against :

(A) Administrative centralisation and neutrality of administration

(B) Neutrality of administration and meritocracy

(C) Meritocracy and political orientation of administration

(D) Political orientation of administration and administrative centralisation

52. Karl Marx regarded bureaucracy as :

(A) An instrument of governance

(B) A medium of policy implementation

(C) An instrument of dominant ruling class promoting its particular interest

(D) An instrument of the Nobles promoting their interests

51. નવી જાહેર વહીવટની ચળવળ મૂળભૂત રીતે શેની સામે હતી ?

(A) વહીવટી કેન્દ્રીકરણ અને વહીવટની તટસ્થતા

(B) વહીવટની તટસ્થતા અને યોગ્યતા–આધારિત વહીવટ

(C) યોગ્યતા–આધારિત વહીવટ અને વહીવટનું રાજકીય વલણ

(D) વહીવટનું રાજકીય વલણ અને વહીવટી કેન્દ્રીકરણ

52. કાર્લ માર્કસે વહીવટને શી રીતે મૂલવ્યો ?

(A) શાસનના સાધન તરીકે

(B) નીતિના અમલ માટેના માધ્યમ તરીકે

(C) આધિપત્ય ધરાવનાર શાસક વર્ગના નિશ્ચિત હિતોને આગળ વધારવા માટેનાં સાધન તરીકે

(D) ઉમરાવો માટે તેમના હિતોને આગળ વધારવા માટેનાં સાધન તરીકે

53. "By maximizing the productive efficiency of each worker, scientific management would also maximize the earnings of the workers and employers. Hence, all conflicts between capital and labour would be resolved by the findings of science". This statement is made by :

(A) F. W. Taylor

(B) Richard Bendix

(C) Henry Grant

(D) Frank Gilberth

53. ''દરેક કામદારની ઉત્પાદક ક્ષમતાને મહત્તમ વધારીને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન કામદારો અને કર્મચારીઓની આવક પણ મહત્તમ વધારે છે. આમ વિજ્ઞાનના તારણો દ્વારા મૂડી અને શ્રમ વચ્ચેના તમામ સંઘર્ષોનું નિવારણ થશે.'' આ વિધાન કોણે કર્યું ?

(A) એફ. ડબલ્યુ. ટેલર

(B) રિચાર્ડ બેન્ડીક્સ

(C) હેન્રી ગ્રાન્ટ

(D) ફ્રેંક ગિલ્બર્ટ

54. 'Good governance' and 'Participation of civil society for development' were stressed in the World Bank report of :

(A) 1992

(B) 1997

(C) 2000

(D) 2003

55. How can a State Information Commissioner be removed from the office ?

(A) By an order of the State Chief Information Commissioner

(B) By the Supreme Court of India

(C) By an order of the Governor after the Supreme Court has reported so after an enquiry

(D) In a manner similar to the removal from office of a judge of a High Court

54. 'સુશાસન' અને 'વિકાસ માટે નાગરીક સમાજની હિસ્સેદારી' એ વિચારોને વિશ્વબેંકના કયા વર્ષના અહેવાલમાં અગત્ય આપવામાં આવી ?

(A) 1992

(B) 1997

(C) 2000

(D) 2003

55. રાજયના માહિતી કમિશ્નરને તેના હોદ્દા પરથી કેવી રીતે દૂર કરી શકાય ?

(A) રાજયના મુખ્ય માહિતી કમિશ્નરના હુકમ દ્વારા

(B) સર્વોચ્ચ અદાલત દ્વારા

(C) સર્વોચ્ચ અદાલતે કરેલી તપાસના અહેવાલના આધારે રાજયપાલ દ્વારા

(D) હાઈકોર્ટના ન્યાયાધીશને તેમના હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા મુજબ

56. Who makes the provisions with respect to the maintenance of accounts by the Panchayats and auditing of such accounts ?

(A) Finance Commission of the concerned State

(B) Legislature of the State

(C) Comptroller and Auditor General of India

(D) Political Direction

56. પંચાયત દ્વારા જાળવવામાં આવતા હિસાબો અને તેના ઓડિટ વિષેનું પ્રાવધાન કોણ કરે છે ?

(A) જે તે રાજયનું નાણાં પંચ

(B) રાજયની વિધાનસભા

(C) કન્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા

(D) રાજકીય દોરવણી

57. Which one of the following Articles of the Constitution of India provides for the creation of All India Services ?

(A) Article 300

(B) Article 312

(C) Article 320

(D) Article 321

57. બંધારણની કઈ કલમ દ્વારા અખિલ ભારતીય સેવાઓનું ગઠન કરવામાં આવ્યું છે ?

(A) કલમ 300

(B) કલમ 312

(C) કલમ 320

(D) કલમ 321

58. Which of the following functions have been laid down in the 12th Schedule of the Constitution of India for the municipalities ?

(1) Urban Poverty Alleviation

(2) Planning of Economic and Social Development

(3) Regulation of Tannaries

(4) Urban Forestry

(A) (1), (2) and (3)

(B) (2), (3) and (4)

(C) (1) and (4) only

(D) (1), (2) (3) and (4)

58. બંધારણના ૧૨ મા પરિશિષ્ટમાં નીચે પૈકીનાં કયાં કાર્યો નગરપાલિકાઓ માટે સૂચવવામાં આવ્યાં છે ?

(1) શહેરી ગરીબી નિવારણ

(2) આર્થિક અને સામાજિક વિકાસનું આયોજન

(3) ચર્મકેન્દ્રોનું નિયંત્રણ

(4) શહેરી વનીકરણ

(A) (1), (2) અને (3)

(B) (2), (3) અને (4)

(C) (1) અને (4)

(D) (1), (2) (3) અને (4)

59. Match List I with List II and select the *correct* code :

| List I | List II |
|---|---|
| (*i*) Central Vigilance Commission | (1) Constitutional |
| (*ii*) Lokayukta | (2) Resolution of Government of India |
| (*iii*) Central Bureau of Investigation | (3) Statutory |
| (*iv*) High Court | (4) Resolution of Home Ministry |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (2) | (1) | (4) |
| (B) | (3) | (1) | (2) | (4) |
| (C) | (2) | (3) | (4) | (1) |
| (D) | (2) | (4) | (1) | (3) |

59. સૂચિ ૧ અને સૂચિ ૨ ને મેળવો અને સાચા કોડની પસંદગી કરો :

| સૂચિ ૧ | સૂચી ૨ |
|---|---|
| (*i*) કેન્દ્રીય સતર્કતા આયોગ | (1) બંધારણીય |
| (*ii*) લોકાયુક્ત | (2) ભારત સરકારનો ઠરાવ |
| (*iii*) કેન્દ્રીય તપાસ બ્યુરો | (3) કાયદાકીય |
| (*iv*) હાઈકોર્ટ | (4) ગૃહમંત્રાલયનો ઠરાવ |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (2) | (1) | (4) |
| (B) | (3) | (1) | (2) | (4) |
| (C) | (2) | (3) | (4) | (1) |
| (D) | (2) | (4) | (1) | (3) |

60. **Assertion (A)** : The Rajamannar Committee recommended the abolition of the IAS and IPS.

**Reason (R)** : The IAS and IPS violate the principles of federalism and ministerial responsibility at the state level.

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not the correct explanation of (A)

(C) (A) is true and (R) is false

(D) (A) is false and (R) is true

60. **વિધાન (A)** : રાજમન્નાર સમિતિએ આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. ને નાબૂદ કરવાની ભલામણ કરી.

**કારણ (R)** : આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. દ્વારા સમવાયતંત્રના અને રાજ્ય સ્તરે પ્રધાનમંડળની જવાબદારીના સિદ્ધાંતનું ઉલ્લંઘન થાય છે.

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) નો સાચો ખુલાસો છે

(B) (A) અને (R) બંને સાચાં છે પણ (R) એ (A) નો સાચો ખુલાસો નથી

(C) (A) સાચું છે અને (R) ખોટું છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

61. Ideologically, arms control and disarmament are :

(A) Similar to each other

(B) Different from each other

(C) Connected with each other

(D) Opposed to each other

62. Which of the following is an instrument of conflict management in international relations ?

(A) Coercive diplomacy

(B) Gunboat diplomacy

(C) Deployment of UN Peace-keeping Force

(D) Arms purchases

61. વૈચારિક રીતે શસ્ત્ર નિયંત્રણ અને નિઃશસ્ત્રીકરણ :

(A) પરસ્પર સમાન છે

(B) પરસ્પરથી જુદાં છે

(C) એકબીજા સાથે સંકળાયેલાં છે

(D) એકબીજાનાં વિરોધી છે

62. નીચે પૈકીનો કયો વિકલ્પ આંતરરાષ્ટ્રીય સંબંધમાં સંઘર્ષ નિયંત્રણનું એક સાધન છે ?

(A) દબાણકેન્દ્રી મુત્સદ્દીગીરી

(B) ગનબોટ મુત્સદ્દીગીરી

(C) સંયુક્ત રાષ્ટ્રના શાંતિરક્ષક દળનો ઉપયોગ

(D) શસ્ત્રોની ખરીદી

63. Through Balfour Declaration (1917) :

(A) The US announced its support for creation of Israel

(B) Britain announced its support for creation of independent Palestine

(C) Britain announced its commitment to the creation of Jewish State in Middle East

(D) The USSR announced its support for global communist movement

63. ૧૯૧૭ ની બાલફોર ઘોષણા દ્વારા :

(A) અમેરિકાએ ઈઝરાયલની રચના માટે પોતાનું સમર્થન જાહેર કર્યું

(B) સ્વતંત્ર પેલેસ્ટાઈનની રચના માટે બ્રિટને પોતાનું સમર્થન જાહેર કર્યું

(C) બ્રિટને મધ્ય–પૂર્વમાં એક યહૂદી રાજ્યની રચના માટે પોતાનું સમર્થન જાહેર કર્યું

(D) સોવિયત સંઘે વિશ્વ સ્તરની સામ્યવાદી ચળવળ માટે પોતાનું સમર્થન જાહેર કર્યું

64. The classical realists held that :

(A) Ideology is a source of power

(B) Ideology is not a source of power

(C) Pursuit of power is an ideology

(D) Ideologies influence foreign policy behaviour

64. શાસ્ત્રીય વાસ્તવવાદીઓના અભિપ્રાયમાં :

(A) વિચારધારા સત્તાનો એક સ્ત્રોત છે

(B) વિચારધારા સત્તાનો સ્ત્રોત નથી

(C) સત્તાની શોધ એક વિચારધારા છે

(D) વિચારધારાનો પ્રભાવ વિદેશ નીતિની વર્તણૂક પર પડે છે

65. The idea and practices of international law are influenced mainly by the writings of :

(A) John Stuart Mill

(B) Hugo Grotius

(C) Jeremy Bentham

(D) Woodrow Wilson

65. આંતરરાષ્ટ્રીય કાયદાનો વિચાર અને કાર્યવિધિઓ મુખ્યત્વે કોના લખાણોથી પ્રભાવિત થયાં છે ?

(A) જહોન સ્ટુઆર્ટ મિલ

(B) હ્યુગો ગ્રોસિયસ

(C) જેરીમી બેન્થામ

(D) વુડ્રો વિલ્સન

66. Who among the following is a theorist on imperialism ?

(A) V.I. Lenin

(B) Joseph Stalin

(C) Leon Trotsky

(D) Prince Kropotkin

66. નીચેમાંથી કોણે સામ્રાજયવાદની સૈદ્ધાંતિક ચર્ચા કરી ?

(A) વી.આઈ. લેનીન

(B) જોસેફ સ્ટેલીન

(C) લીઓન ટ્રોટસ્કી

(D) પ્રીન્સ ક્રોપોટકીન

67. START I and START II were aimed at :

(A) Arms control

(B) Disarmament

(C) Nuclear non-proliferation

(D) Peaceful resolution of interstate disputes

67. START I અને START II નો ઉદ્દેશ્ય હતો :

(A) શસ્ત્ર નિયંત્રણ

(B) નિઃશસ્ત્રીકરણ

(C) પરમાણુ બિનપ્રસાર

(D) આંતરરાજય સંઘર્ષોનું શાંતિમય નિવારણ

68. The European Union is an example of :

(A) Security community

(B) Collective security system

(C) Regional economic organization

(D) Comprehensive regional organization

68. યુરોપિયન યુનિયન શેનું ઉદાહરણ છે ?

(A) સલામતી સમુદાય

(B) સામુહિક સલામતી સંગઠન

(C) પ્રાદેશિક આર્થિક સંગઠન

(D) વીસ્તીર્ણ પ્રાદેશિક સંગઠન

69. Major instruments of creating a trade bloc are :

(A) Preferential trade agreement

(B) Free trade area

(C) Customs union

(D) All of the above

70. GATT was replaced by :

(A) NAFTA

(B) UNCTAD

(C) WTO

(D) ANZUS

71. In which of the following ways is India involved with Afghanistan at present ?

(A) Peace-keeping

(B) Political intervention

(C) Economic development

(D) Counter terrorism

69. વ્યાપારી બ્લોક રચવાનું મુખ્ય સાધન છે :

(A) પક્ષપાતપૂર્ણ વ્યાપાર સંધિ

(B) મુક્ત વ્યાપાર ઝોન

(C) કસ્ટમનું એકીકરણ

(D) ઉપરનાં તમામ

70. GATT ની જગ્યા કોણે લીધી ?

(A) NAFTA

(B) UNCTAD

(C) WTO

(D) ANZUS

71. નીચે પૈકીની કઈ રીતે ભારત અફઘાનિસ્તાનમાં વર્તમાન સમયમાં સંકળાયેલું છે ?

(A) શાંતિ રક્ષણ

(B) રાજકીય હસ્તક્ષેપ

(C) આર્થિક વિકાસ

(D) ત્રાસવાદ વિરોધી કાર્યવાહી

72. India has contributed significantly to the UN in terms of :

(A) Financial contributions

(B) Peace-keeping operations

(C) Peace negotiations

(D) Fighting famines in Africa

73. The major thrust of India's foreign policy in the post-Cold War era has been on improvement of relationship with :

(A) Great powers

(B) Third world countries

(C) Middle East Countries

(D) UN and its agencies

72. ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં કઈ રીતે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે ?

(A) નાણાકીય યોગદાન

(B) શાંતિરક્ષક દળની કાર્યવાહીઓમાં

(C) શાંતિ માટેની વાટાઘાટોમાં

(D) આફ્રિકામાં દુષ્કાળનો સામનો કરવામાં

73. શીતયુદ્ધ પશ્ચાતની ભારતની વિદેશ નીતિમાં કોની સાથે સંબંધો સુધારવા પર સવિશેષ ધ્યાન અપાયું છે ?

(A) મહાસત્તાઓ

(B) ત્રીજા વિશ્વના દેશો

(C) મધ્યપૂર્વના દેશો

(D) સંયુક્ત રાષ્ટ્ર અને તેની એજન્સીઓ

74. Indo-US civil nuclear deal :

(A) Permits inspections by IAEA

(B) Assures steady supply of fissile material

(C) Permits transfer of civil nuclear technology

(D) All of the above

74. ભારત–અમેરિકા વચ્ચેની નાગરિક પરમાણુ સંધિ :

(A) IAEA દ્વારા નિરીક્ષણ માટે મંજૂરી આપે છે

(B) વિભાજક સામગ્રીના સ્થાયી પુરવઠા માટે ખાતરી આપે છે

(C) શાંતિપૂર્ણ પરમાણુ ટેકનોલોજીના હસ્તાંતરણ માટે મંજૂરી આપે છે

(D) ઉપરના તમામ સાચાં છે

75. The current row between US and Iran concerns :

(A) Iran's democracy

(B) Iran's nuclear programme

(C) Iran's treatment of minorities

(D) Iran's relations with Pakistan

75. અમેરિકા અને ઈરાન વચ્ચેનો વર્તમાન વિવાદ શેની સાથે સંકળાયેલો છે ?

(A) ઈરાનની લોકશાહી

(B) ઈરાનનો પરમાણું કાર્યક્રમ

(C) લઘુમતીઓ પ્રત્યે ઈરાનની વર્તણૂંક

(D) ઈરાનના પાકિસ્તાન સાથેના સંબંધો

ROUGH WORK

SEAL